ધનસુરાના વડાગામની ખાનગી વિદ્યાલયના

# શિક્ષકે ધો-૯ની વિદ્યાર્થીનીની છેડતી કરતા હોબાળો

**વિદ્યાર્થીના પરિવારજનો અને લોકોના ટોળેટોળા ઉમટ્યા : ખાનગી શાળાના સંચાલકોએ શિક્ષકને સસ્પેન્ડ કરી મામલો થાળે પાડ્યો**

ધનસુરા, તા. ૨૬

શિક્ષણજગત અને ગુરુ-



શિષ્યના સંબંધોને કલંક લગાડનાર ચોંકવનારો કિસ્સો બહાર આવતા અરવલ્લી જીલ્લાના શિક્ષણ જગતમાં ભારે હડકંપ મચ્યો છે. અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના વડાગામની ખાનગી શાળાના લંપટ શિક્ષકે ધોરણ-૯ની બાળાની ટ્યૂશન ક્લાસમાં છેડતી કરતા વિદ્યાર્થીની ડઘાઈ ગઈ હતી. આ અંગેની જાણ વિદ્યાર્થિનીના પરિવારજનો અને ગામલોકોને થતા ખાનગી શાળામાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ખાનગી શાળાના ટ્રસ્ટીએ છેડતી કરનાર લંપટ શિક્ષકને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરી પરિસ્થિતિ થાળે પાડવાનો પ્રયત્ન કર્યો હતો. હોબાળાના પગલે ધનસુરા પોલીસ ખાનગી શાળામાં દોડી આવી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, ધનસુરા તાલુકાના વડાગામ ગામે એક ખાનગી શાળાના શિક્ષક દ્વારા ચલાવતા ટ્યૂશન કલાસીસમાં અભ્યાસ અર્થે જતી ધોરણ-૯ની બાળા પર શિક્ષકે નજર બગાડતા અને હવસ સવાર થઈ હોય તેમ શિક્ષકના ગુણધર્મો અને ફરજ ભૂલી લંપટ બનેલા શિક્ષકે હદ વટાવાતા છેડતી કરતા વિદ્યાર્થીની ગુમસુમ બની હતી અને શિક્ષકની ખરાબ નજરે પારખી વિદ્યાર્થીની ટ્યૂશનમાંથી બહાર નીકળી ગઈ હતી અને શિક્ષક દ્વારા કરવામાં આવેલી લંપટાઈ અંગે પરિવારજનોને જાણ કરતા પરિવારજનો શાળામાં દોડી ગયા હતા. સમગ્ર ઘટના વાયુવેગે પ્રસરતા શાળામાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. શિક્ષકે છેડતી કરી હોવાની જાણ ટ્રસ્ટીને થતા તાબડતોડ શાળામાં દોડી આવી છેડતી કરનાર શિક્ષકને સસ્પેન્ડ કરી દીધો હતો. સમગ્ર ઘટનાની જાણ ધનસુરા પોલીસને થતા તાબડતોડ શાળામાં દોડી આવી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે લોકો સાથે સમજાવટપૂર્વક કામ લીધું હતું. શાળાના હેવાન શિક્ષક સામે લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

# શિક્ષક પિતાએ પુત્રને બે જગ્યાએ પરીક્ષા અપાવવા પોતાની વગનો દુરઉપયોગ કર્યો



**પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી : બન્ને જગ્યાએ સ્કૂલમાં વિદ્યાર્થીની નિયમિત હાજરી**

## વિદ્યાર્થીની બન્ને શાળાઓમાં ફુલ હાજરી, શાળાઓની પણ ગેરરીતી

ફરીયાદી શિક્ષકે આઈટીઆઈ એકટ મુજબ માહિતી માંગી પુરાવાઓ ભેગા કરી શિક્ષક પિતા-પુત્ર અને ડમી વિદ્યાર્થી સામે ફરીયાદ કરી.

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મજરા ખાતે આવેલ ભૈરવનાથ વિધ્યામંદિર અને અમદાવાદ બાપુનગર ખાતે આવેલ ભગવતી વિધાલય ખાતે ધોરણ- ૧૨ની પરીક્ષા એક સાથે અપાવવા શિક્ષક પિતાએ તરકીબ રચી પણ ૧૮ વર્ષે ભાંડો ફુટ્યો. શિક્ષક પિતા-પુત્ર અને ડમી પરીક્ષાથી સામે પોલીસ ફરિયાદ થઈ.

કહેવાય છે કે ખોટું કરેલું ૧૦૦ વર્ષે પણ બહાર આવ્યાં વિના રહેતું નથી તો ૨૦૦૦ થી ૨૦૦૧ના સમયગાળા દરમ્યાન સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મજરા ખાતે આવેલ ભૈરવનાથ વિદ્યા મંદિરમાં આજથી ૧૮ વર્ષ પહેલાં અમદાવાદ બાપુનગર ભગવતી વિદ્યાલય ખાતે ફરજ બજાવતા આરોપી શિક્ષક કાન્તીલાલ ગણેશભાઈ ચૌધરી આરોપી નંબર-૨ પુત્ર અતિષકુમાર કાન્તીલાલ ચૌધરી ભગવતી વિધાલયમાં ધોરણ-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતો હોય તો પણ આરોપી શિક્ષક પિતાએ આરોપી પુત્રને બે જગ્યાએ પરીક્ષા અપાવવા એટલે કે ભગવતી વિધાલય ખાતે વિજ્ઞાન પ્રવાહની તથા ભૈરવનાથ વિદ્યા મંદિર મજરા ખાતે સામાન્ય પ્રવાહની પરીક્ષા એક સાથે અપાવવામાં સારૂ ભગવતી વિદ્યાલયના કોરા લીવીગ સર્ટીની ચોરી કરી તેના ઉપર ભગવતી વિધાલયના આચાર્યના બનાવટી સીક્કા કરી વર્ગ શિક્ષક કલાર્ક તથા આચાર્યની બનાવતી સહી કરી તેનું બનાવટી સર્ટી બનાવતી હોવાનું જાણવા છતાં ખરા તરીકે ભૈરવનાથ વિદ્યા મંદિરમાં રજુ કરી તે આધારે આરોપી નંબર-૩ ડમી વિદ્યાર્થીને ભૈરવનાથ વિદ્યા મંદિર ખાતે ધોરણ-૧૨ સામાન્યની પરીક્ષામાં બેસાડી પરીક્ષા અપાવી ધોરણ-૧૨નું બને પ્રવાહની માર્કસીટ મેળવી એક બીજાની મદદગીરી કરી ભગવતી વિદ્યાલય તથા સરકાર સાથે વિશ્વાસઘાત કરી છેતર પીંડી કરાતાં ફરીયાદી રમેશચંદ્ર હિરાલાલ પટેલ રહે. અમદાવાદ તેવોના ધ્યાને આવતાં આઈટીઆઈ દ્વારા માહિતી મેળવી પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતાં પ્રાંતિજ પીઆઈ વી.આર. ચાવડા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# દરીયાઈ પાર્કમાં ચોરી કરનાર ભાડુઆત પકડાયો

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગરના દરીયાઈ પાર્ક વિસ્તારમાં આવેલ એક મકાનમાં ચારેક દિવસ અગાઉ એક મકાનમાં રૂ. ૧.૦૫ લાખની મત્તાની ચોરી થયાની ફરીયાદ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ ડી-સ્ટાફે બાતમીને આધારે શુક્રવારે આ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા એક શખ્સની કડક પુછપરછ કરતા આ શખ્સ ચોરી કરી હોવાનું કબુલ્યુ હતુ. ત્યારબાદ પોલીસે તેની પાસેથી ચોરાયેલો મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે બી-ડીવીઝનના પીએસઆઈ એસ.ડી. ચાવડાના જણાવ્યા મુજબ ગત તા. ૨૨ મે ના રોજ દરીયાઈ પાર્કમાં આવેલા સોહેલ મોહમદ આરીફ કાદરીએ પોતાના મકાનમાં ચોરી થતા તે અંગે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. જે આધારે પોલીસે તપાસને અંતે રૂ. ૧.૦૫ લાખની ચોરી થઈ હોવાની ફરીયાદ નોંધ્યા બાદ તપાસ ડી-સ્ટાફને સોંપવામાં આવી હતી. જેમાં શકમંદ તરીકે આ વિસ્તારમાં આવેલ રાજેશભાઈ મીર નામનો શખ્સ સોહેલ કાદરીના મકાનમાં રહેતો હોવાથી શુક્રવારે તેને બોલાવી કડક પુછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો.

ત્યારબાદ રાજેશ મીરે સાહેલ કાદરીના મકાનમાંથી રૂ. ૧.૦૫ લાખની મત્તાની ચોરી કરી હોવાનું કબુલ્યુ હતુ. ત્યારબાદ પોલીસે તેની પાસેથી તમામ મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ધાનેરામાં ગેસનાં બાટલા બ્લેકમાં દુકાનદારો દ્વારા વેચાતાં અધિકારીઓ દ્વારા તપાસ ચાલું



ધાનેરા, તા.૨૬

ધાનેરા માં ઈન્ડિયન ગેસનાં બાટલાઓ લે-ભાગુ દુકાનદારો દલાલો મારફત બ્લેકમાં લોકો સુધી પહોચી રહ્યા છે અને દલાલો મળતીયાં ગ્રાહકો પાસેથી પાસ બુકો એકઠી કરી ગેસનાં બાટલાંનો ધંધો કરી રહ્યા છે બસ સ્ટેન્ડ રોડ તુલસીનગર તેમજ અનેક સ્થળોએ તેમજ મંડપવાળા ઓ દ્વારા આવાં ગોરખધંધાઓ બ્લેકમાં ચાલી રહ્યા છે તેવું જાણવા મળેલ છે જે બાબતે સમાચારપત્રોમાં છપાતાં અધિકારીઓની તપાસ ચાલું છે જો ઈમાનદારીથી તપાસ કરવામાં આવે તો મોટા કૌભાંડો કાળાબજાર થઈ રહ્યા છે તેવું સાબિત થશે.

પ્રાંતિજમાં ચપ્પાના ઘા કરી ગાળો બોલી

# જાનથી મારી નાખવાની ધમકી અપાતાં બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

**ચપ્પા વડે ત્રણ જણ ઉપર હુમલો કરાતાં પોલીસે પિતા-પુત્ર વિરૂદધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી**

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે નજીવી બાબતે બોલાચાલી બાદ ઉગ્ર સ્વરૂપ ધારણ થતાં પિતા-પુત્રએ ત્રણને ચપ્પા વડે ઈજાઓ પહોચાડી



શરીરે ઈજાઓ કરી ફરીયાદીની રીક્ષાના કાચ તોડી જાનથી મારી નાખવાની ધમકી અપાતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પિતા- પુત્ર બે વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ ઉપર બે જણા વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ ઉગ્ર સ્વરૂપ ધારણ થતાં આ કામનો આરાપી અનિલ જીતેન્દ્ર ભોઈ ફરીયાદી અજીતસિંહ મનુસિંહ રાઠોડને મા બહેન સમી ગાળો બોલી ગદડાપાટુનો માર મારી તેના હાથમાંનું ચપ્પુ કાઢી મારવા જતાં ફરીયાદીએ ચપ્પુ પકડી લેતાં ડાબા હાથની ચાર ઓગળીયો કપાઈ ગયેલ અને ચપ્પુ ખેંચી છાતીના તથા ડાભા ખભા ઉપર તેમજ પેટના ભાગે લીસોટા મારી તેમજ મતુસિંહ આતુસિહ રાઠોડ છોડાવવા વચ્ચે પડતાં તેઓને પણ આરોપી અનિલ જીતેન્દ્ર ભોઈએ તેના હાથમાંનું ચપ્પુ ડાબા ગાલ ઉપર મારી દિધેલ તેમજ આરોપી બે જીતેન્દ્રભાઈ કાંતિભાઈ ભોઈ, ચંદનસિંહ પરબસિંહ રાઠોડને તેના હાથમાંનું ચપ્પુ ડાબા કાન પાછળ મારી દેતા તેના હાથમાનો લાકડાનો ડંડો રિક્ષા ઉપર છુટો ફેંકતા રીક્ષાનો કાચ તોડી નાખી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદત કરી જીલ્લા મે. સાહેબનો જાહેરનામાનો ભંગ કરતાં પોલીસે આઈપીસી કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬, (૨) ૧૧૪, ૪૨૭જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# ડીસાથી બટાટા ભરી રાજકોટ રવાના થયેલ ટ્રકમાં ભરેલ માલ બારોબાર વેચી મરાયો

ડીસા, તા.૨૬

બનાસકાંઠાથી બટાકા ભરેલ ટ્રક પોરબંદર પહોંચાડવાની હતી પરંતુ ડ્રાઈવરે ૪.૪૯ લાખ રૂપિયાના બટાકા ભરેલ ગાડી અન્ય જગ્યાએ વેચી મારી છેતરપિંડી આચરતા તેના વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.પ્રાપ્ત માહિતી મુજબ ડીસાના ફુલચંદભાઈ કચ્છવા કોલ્ડ સ્ટોરેજ ધરાવે છે અને બટાકાના વ્યયસાય સાથે સંકળાયેલા છે.

જેમની ઓફિસ રાણપુર રોડ પર આવેલ છે અને તેઓ મેસર્સ સુરેશભાઈ દેવચંદભાઈ નામની પેઢી ચલાવે છે.દરમ્યાન,ગત ૧૬ મેં ના રોજ રાજકોટની બાલાજી વેફર્સ પ્રા.લી.ના ઓર્ડરથી શિવશંકર રોડલાઈન્સના માલિક વિપુલ ઠકકરે બટાટાની ટ્રક મંગાવેલ જેથી તિરુપતિ કોલ્ડ સ્ટોરેજમાંથી ૪,૪૯,,૯૧૪ રૂપિયાના બટાકા ભરી ડ્રાઈવર રામદેવ ઉર્ફે ટકો કારાવદરા (રહે બોરીખા તા.જી.પોરબંદર)સાથે જી.જે.૨૫ ટી.૭૨૧૫ નંબરની ટ્રકમાં બટાટાનો જથ્થો રવાના કરાયો હતો પરંતુ ડ્રાઈવરે સમયસર માલ ના પહોંચાડી ઠગાઈ કરી અન્ય જગ્યાએ વેચી મારતા તેઓએ ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ધોરણસરની ફરિયાદ નોંધાવી છે.જેના પગલે પોલિસે તપાસનો દૌર હાથ ધર્યો છે.

# મેઘરજના ઉન્ડવા ચેકપોસ્ટથી ૫.૦૯ લાખના વિદેશી દારૂ સાથે ત્રણ ઝડપાયા

મેઘરજ, તા. ૨૬

મેઘરજ તાલુકાના ઉન્ડવા ચેકપોસ્ટ પરથી મેઘરજ પોલીસે



ગુરૂવાર રાત્રે બાતમીના આધારે રૂ. ૫૦૯૩૦૦ના ઈગ્લીશ દારૂના મુદ્દામાલ સાથે ત્રણ આરોપી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ પોલીસ ગુરુવાર રાત્રે ઉન્ડવા ચેકપોસ્ટ પર પ્રોહી.વોચમાં હતી તે દરમ્યાન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી એક નંબર વગરની આયશર ગાડીમાં ઈગ્લીશ દારૂ ભરીને ગુજરાતમાં પ્રવેશનાર છે જેને લઈને મેઘરજ પોલીસે ઉન્ડવા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી બાતમીવાળી ગાડીની વોચમાં હતી. તેવામાં રાજસ્થાન તરફથી નંબર વગરની આયશર ગાડી આવતાં પોલીસે રસ્તો કોર્ડન કરી ગાડી ઉભી કરાવી આયશર ગાડીની પાછળ તપાસ કરતાં ગુપ્ત ખાનામાંથી અલગ અલગ બ્રાન્ડની ઈગ્લીશ દારૂની બોટલો નંગ ૩૭૨ જેની કીંમત રૂ. ૧૦૦૮૦૦ તેમજ નંબર વગરની આયશર ગાડી જેની કીંમત રૂ. ૪૦૦૦૦૦ તથા આરોપીઓ પાસેથી મોબાઈલ નંગ ૪ જેની કીંમત રૂ. ૮૫૦૦ કુલ મળી રૂ. ૫૦૯૩૦૦ના મુદ્દામાલ સાથે આરોપી રમેશ મોતીલાલ પટેલ રહે. પલોદ્રા, તા. સરાડા જી. ઉદેપુર, રાજસ્થાન, વીજય રાકેશ મીણા રહે. દેવળ, તા. જી. ડુંગરપુર રાજસ્થાન, સુરેશ લાલજી પટેલ રહે. શ્યામપુર, તા. સરાડા, જી. ઉદેપુર રાજસ્થાનને ઝડપી પાડી મેઘરજ



પી.એસ.આઈ. એસ.એચ. શર્માએ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

# અરવલ્લી જીલ્લા કોંગ્રેસ દ્વારા મોડાસામાં મોદી સરકાર વિરુદ્ધ 'વિશ્વાસઘાત દિવસ' મનાવ્યો

મોડાસા, તા. ૨૬

કેન્દ્રની ભાજપ સરકારના ચાર વર્ષ પુરા થઈ રહ્યા છે ત્યારે પ્રજાને આપેલા વચનો પુરા ના થતા ગુજરાત કોંગ્રેસ પાર્ટીએ ૨૬ મે એ રાજ્યભરમાં ''વિશ્વાસઘાત દિવસ'' મનાવવા અંતર્ગત મોડાસા શહેરમાં શનિવારે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ




દ્વારા સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર અને કાળો ખેસ ધારણ કરી ચાર રસ્તા ખાતે દેખાવો કરતા અડધો કલાક વાહનવ્યવહાર થંભાવી દેતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. મોડાસા ટાઉન પોલીસે ૫૦થી વધુ કોંગ્રેસી આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી ટ્રાફિક પુર્વરત કરાયો હતો. મોડાસા શહેરના ચાર રસ્તા ખાતે શનિવારે સવારે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મોદી સરકારના ૪ વર્ષ પૂર્ણ થતા તેના વિરુદ્ધ ''વિશ્વાસઘાત દિવસ'' મનાવી કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર પુકારી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસી આગેવાનો અને કાર્યકરોએ લોકસભાની ચૂંટણી સમયે ભાજપે કાળા નાણા સામે જંગ છેડી દરેક નાગરિકના ખાતામાં ૧૫-૧૫ લાખ જમા કરવાનું વચન આપ્યું હતું પણ આ સ્થિતિ છે કે આજે લોકોને ફૂટી કોડી પણ મળી નથી. મોંઘવારી તેમજ પેટ્રોલ ડીઝલના ભાવને લઈને ખુદ ભાજપ રસ્તા પર ઉતરી આવતો હતો. ત્યારે અત્યારે પેટ્રોલ-ડીઝલના ભાવમાં કમ્મરતોડ વધારો થઈ રહ્યો છે અને કેન્દ્ર સરકાર ભાવ નાથવામાં નિષ્ફળ રહેવાની સાથે યુવાનોને રોજગારી આપવામાં નિષ્ફળ રહી હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા. આ વિશ્વાસઘાત દિવસ કાર્યક્રમમાં જીલ્લા પ્રમુખ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, ભિલોડાના ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારા, મોડાસા શહેર પ્રમુખ ઈલાબલહુસેન ઈપ્રોલીયા, જીલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદશ્યો, નગરપાલિકા કોર્પોરેટરો અને અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિના હોદેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ

**જળ વિના જીવસૃષ્ટિનું અસ્તિત્વ શક્ય જ નથી ત્યારે પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા પરબતભાઈ પટેલનું આહ્વાન : થરાદ અને ધાનેરા તાલુકાના ગામોમાં સિંચાઇ રાજયમંત્રી પરબતભાઈ પટેલે જળસંચયના કામોનું નિરીક્ષણ કર્યું**

પાલનપુર, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના કરણપુરા અને ધાનેરા તાલુકાના કુંમર ગામે સુજલામ સુફલામ જળસંચય અભિયાન અંતર્ગત ચાલતા તળાવ ઉંડા કરવાના કામોનું સિંચાઈ અને પાણી પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલે નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રી પરબતભાઈ પટેલે પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે તા. ૧લી મે- ગુજરાતના સ્થાપના દિવસથી રાજય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં વિરાટ પાયે જળસંચય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આપણા લોકપ્રિય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભરૂચ જિલ્લાના ગામથી તળાવ ઉંડા કરવાના કામોનો રાજયવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.

મંત્રી પરબતભાઈ પટેલે કહ્યું કે સિંચાઈ વિભાગ દ્વારા વર્ષોથી જળ સંચયના કામો તો કરવામાં





આવે છે પરંતુ તેમાં લોકો જોડાતા આ કામોને વેગ મળ્યો છે. અત્યારે સમગ્ર રાજયમાં જળ સંચયના કામો માટે સ્વૈચ્છીક સંસ્થાઓ આગળ આવતા વિશાળ પ્રમાણમાં જળ સંચયના કામો કરી શકાયા છે. તેમણે કહ્યું કે આજે ગુજરાતના તમામ ગામડાઓમાં પીવાના પાણીની સરસ વ્યવસ્થા ઉપલબ્ધ બનાવાઈ છે. તેમણે જણાવ્યું કે થરાદથી સીપુ ડેમ સુધીના રૂટમાં આવતા ૭૮ જેટલાં તળાવોને પાઈપલાઈનથી ભરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મંત્રીએ પાણીનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે જળ વિના જીવસૃષ્ટિનું અસ્તિત્વ શક્ય જ નથી ત્યારે કોઈપણ જીવસૃષ્ટિના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પાણીના મહત્વને સમજી તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ. તેમણે કહ્યું અત્યારે સમગ્ર રાજયમાં ચાલી રહેલા જળ અભિયાનને લોકો અને ખેડૂતો દ્વારા ખુબ સારું સમર્થન મળી રહ્યું છે. સ્વૈચ્છીક સંસ્થાઓ પણ આ કાર્યમાં જોડાઈ મદદ કરી રહી છે ત્યારે લોકસેવાના આ કાર્યમાં આપણે સૌ સાથે મળી જળ અભિયાનને સફળ બનાવીએ. મંત્રીએ કહ્યું કે પાણીને પ્રભુનો પ્રસાદ સમજી તેનો કરકસરપૂર્વક ઉપયોગ અને જળ સંચય કરીએ તો આપણી આવનારી પેઢીઓને પાણી માટે વલખાં મારવા નહી પડે.